દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૩ માર્ચ, ૨૦૨૬

# બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ: એક જરૂરી પગલું

ઇન્ટરનેટના વ્યાપક વધેલા વપરાશ સાથે સોશ્યલ મીડિયાનો વપરાશ પણ સામાન્ય લોકોમાં ઘણો વધ્યો છે. ફેસબુક, ટ્વીટર, ઇન્સ્ટાગ્રામ, યુ-ટ્યુબ જેવા પ્લેટફોર્મ્સ સોશ્યલ મીડિયાનો ભાગ છે. વોટ્સ એપ, ટેલિગ્રામ જેવા એપ્સ આમ તો એક મેસેજિંગ એપ છે પરંતુ તેનો ઉપયોગ પણ સોશ્યલ મીડિયા તરીકે થઇ શકે છે. સોશ્યલ મીડિયા શરૂઆતથી જ વિવાદાસ્પદ રહ્યું છે. તેના લાભો પણ છે તો ગેરલાભો પણ વ્યાપક છે. અફવાઓ અને ગેરમાહિતીઓ ફેલાવવા તેનો વ્યાપક ઉપયોગ થતા આપણે દેશ-વિદેશમાં જોયો છે. પરંતુ આજે અહીં આ મીડિયાની વાત બાળકોના સંદર્ભમાં કરવી છે. સોશ્યલ મીડિયાની કેટલીક વિકૃત સામગ્રીની અસર બાળકોના કુમળા મન પર ઘણી થઇ શકે છે, તો સોશ્યલ મીડિયાનો ઉપયોગ બાળકોનું શોષણ કરવા માટે પણ થઇ શકે છે. આથી ભારતમાં અને અન્યત્ર બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધની ચર્ચાઓ ચાલે છે ત્યારે આંધ્રપ્રદેશ અને કર્ણાટક શુક્રવારે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકનારા પ્રથમ બે ભારતીય રાજ્યો બન્યા છે, જો કે બંનેમાં વય મર્યાદા અલગ-અલગ છે. બાળકોમાં સોશિયલ મીડિયાના વ્યસનને રોકવા અને તેમને સુરક્ષિત રાખવાની વૈશ્વિક ચર્ચા વચ્ચે ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયાએ પણ અગાઉ આવા જ પ્રતિબંધો લાગુ કર્યા છે.

હાલમાં આંધ્રપ્રદેશની TDP સંચાલિત NDA સરકારે જણાવ્યું કે 13 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ રહેશે, જ્યારે તેના પડોશી રાજ્ય કર્ણાટકની કોંગ્રેસ સરકારે આ પ્રતિબંધ 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે લાગુ કર્યો છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ એમ પણ કહ્યું કે તેઓ 13 થી 16 વર્ષની વયના બાળકો માટે પણ આ પ્રતિબંધ લંબાવવો કે કેમ તે અંગે ચર્ચા કરી રહ્યા છે. નાયડુએ જણાવ્યું હતું કે, અમે ચોક્કસપણે ખાતરી કરીશું કે 90 દિવસની અંદર 13 વર્ષથી ઓછી ઉંમરના બાળકો સોશિયલ મીડિયાનો ઉપયોગ ન કરી શકે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે તેમની સરકાર 13 થી 16 વર્ષના કિશોરો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવા અંગે ટૂંક સમયમાં નિર્ણય લેશે. બીજી તરફ, કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધની જાહેરાત કરી હતી. બાળકો પર થતી પ્રતિકૂળ અસરોને રોકવાના ઉદ્દેશ્ય સાથે લેવાયેલા આ પગલાને પ્રશંસા અને શંકા બંને મળી રહ્યા છે. બેંગલુરુમાં વિધાનસભામાં વર્ષ 2026-27નું રાજ્ય બજેટ રજૂ કરતી વખતે સિદ્ધારમૈયાએ કહ્યું, બાળકો પર મોબાઈલના વધતા ઉપયોગની પ્રતિકૂળ અસરોને રોકવાના ઉદ્દેશ્ય સાથે, 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ પ્રતિબંધિત કરવામાં આવશે. બાદમાં પત્રકાર પરિષદમાં તેમણે સ્પષ્ટ કર્યું કે 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો મોબાઈલ ફોન રાખી શકે છે, પરંતુ તેઓ સોશિયલ



મીડિયાનો ઉપયોગ કરી શકશે નહીં. આ કાયદાનું પાલન શાળાઓ, કોલેજો કે ઘરોમાં કેવી રીતે કરવામાં આવશે તેવા પ્રશ્નોના જવાબમાં સિદ્ધારમૈયાએ કહ્યું, અમે તેના માટે એક કાર્યક્રમ તૈયાર કરીશું અને તે ફાઇલન થયા પછી માહિતી આપીશું. જાન્યુઆરીમાં, રાજ્યના આઈટી મંત્રી પ્રિયાંક ખડગેએ વિધાનસભામાં જણાવ્યું હતું કે સરકાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને સોશિયલ મીડિયાના જવાબદાર ઉપયોગ માટે, ખાસ કરીને બાળકો માટે, કયા પગલાં લઈ શકાય તે અંગે પરામર્શ કરી રહી છે. આ વર્ષે જાન્યુઆરીમાં સંસદમાં રજૂ કરવામાં આવેલા કેન્દ્રીય આર્થિક સર્વેક્ષણમાં પણ સૂચવવામાં આવ્યું હતું કે ઓનલાઇન પ્લેટફોર્મ્સ માટે વય-આધારિત એક્સેસ પર વિચાર કરવો જોઈએ અને ડિજિટલ વ્યસન ટાળવા માટે ઓનલાઇન શિક્ષણમાં ઘટાડો કરવો જોઈએ.

બેંગલુરુના એક નાગરિક, જેમને 16 વર્ષનો પુત્ર અને 13 વર્ષની પુત્રી છે, તેમણે જણાવ્યું હતું કે 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવો એ કેટલીક રીતે સારું હોઈ શકે છે, પરંતુ તેનો અમલ કરવો મુશ્કેલ હશે. મધરહુડ હોસ્પિટલના સાયકોલોજી અને ચાઇલ્ડ ડેવલપમેન્ટ કન્સલ્ટન્ટ ડો. સરિતા નાગરાજે આ પગલાની પ્રશંસા કરતા કહ્યું કે, આનાથી બાળકો અને કિશોરોમાં માનસિક સ્વાસ્થ્યના જોખમો - જેમ કે હતાશા, ચિંતા, ઊંઘની સમસ્યા અને શારીરિક દેખાવ અંગેની લઘુતાગ્રંથિ - ઓછા થશે. તેમની એકાગ્રતા અને શૈક્ષણિક પ્રદર્શનમાં પણ સુધારો થવાની આશા છે. જો કે, રેઈન્બો ચિલ્ડ્રન્સ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્વિસ હેડ ડો. રક્ષય શેટ્ટીએ જણાવ્યું હતું કે, “મોબાઈલના અતિશય ઉપયોગના ગેરફાયદા છે, પરંતુ તે વાલીઓ અને શિક્ષકો માટે ઉપયોગી પણ છે. સંપૂર્ણ પ્રતિબંધ કદાચ વ્યવહારુ ન હોય અને તે માત્ર કાગળ પર જ રહી જાય તેવું બની શકે. તેના બદલે મોબાઈલના મર્યાદિત અને વ્યવહારુ ઉપયોગ માટેની માર્ગદર્શિકા આપવી વધુ યોગ્ય રહેશે. ક્વોન્ટમ હબના ફાઉન્ડિંગ પાર્ટનર અપરાજિતા ભારતીએ અભિપ્રાય આપ્યો હતો કે ભારતમાં સોશિયલ મીડિયા પ્રતિબંધની ઇચ્છિત અસર થવાની શક્યતા ઓછી છે, કારણ કે અહીં ઘરોમાં એક જ ઉપકરણનો ઉપયોગ અનેક સભ્યો દ્વારા કરવામાં આવે છે.નોંધનીય છે કે, 2025માં ઓસ્ટ્રેલિયા 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે TikTok, YouTube, Instagram અને Facebook જેવા પ્લેટફોર્મ્સ પર પ્રતિબંધ મૂકનારો પ્રથમ દેશ બન્યો હતો. ઈન્ડોનેશિયાએ પણ 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂક્યો છે. બાળકોને સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરતા અટકાવવા જરૂરી છે જ.

## તું અધમ નથી !

મિથિલા નગરીનો એક ગરીબ શુદ્ર અયોધ્યામાં રહેવા આવ્યો. તે મા સીતા અને ભગવાન રામનો પરમ ભક્ત હતો. તે શ્રી રામજીનાં મંદિરોમાં દર્શન કરવા આવનાર તીર્થયાત્રીઓ માટે રસ્તો સાફ કરતો. સતત કામ કરતો અને પ્રભુનામ અને જપમાં મગન રહેતો.

એક દિવસ તેને ખબર પડી કે મા સીતાના પરમ ભક્ત સાધુ સીતાશરણજી અયોધ્યામાં આવ્યા છે અને પ્રભુભક્તિ અને ઉપાસનામાં લીન છે. તે શુદ્ર સેવક પ્રભુના પરમ ભક્તની સેવા કરવા તેમની કુટીર સાફ કરી આપવાની ભાવના સાથે તેમની કુટીર પર ગયો ત્યારે સાધુ સીતાશરણજી સરયુ નદીમાં સ્નાન કરવા માટે ગયા હતા. શુદ્ર સેવકે કુટીર સાફ કરી, આંગણું ચોખ્ખું કરી પાણી છાંટ્યું. ત્યાં સ્નાન કરી સાધુ કુટીર પર આવ્યા. ચોખ્ખી ચણાક કુટીર જોઈ પેલા શુદ્રને પૂછ્યું, ‘‘તું કોણ છે?’’ શુદ્રે જવાબ આપ્યો, ‘‘સાધુબાબા, હું મિથિલા નગરીનો રહેવાસી, રાજા જનકજીના પરિવારનો સેવક છું અને હવે અહીં અયોધ્યામાં રહી પ્રભુ રામ અને માતા સીતાના ભક્તોની સેવા કરું છું. આપની કુટીર સાફ કરીને ધન્યતા અનુભવી છે. મારા પ્રણામ સ્વીકાર કરો.’’ આટલું બોલી પોતે શુદ્ર હોવાને કારણે દૂરથી જ સાધુ સીતાશરણજીને પ્રણામ કર્યા પણ તેના આશ્ચર્ય વચ્ચે તેની વાત સાંભળીને સંત સીતાશરણજી તેની નજીક આવ્યા અને તેમણે તેને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને બોલ્યા, ‘‘આજે તો મારા અહોભાગ્ય કે મહારાણી સીતાજીના પિયરના સેવકનાં દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું.’’

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

પેલા શુદ્રને અતિ આશ્ચર્ય થયું. તે ડરીને બે ડગલાં પાછળ ખસી ગયો. તેણે સંકોચ સાથે સાધુને કહ્યું, ‘‘સાધુબાબા, તમે પરમ ભક્ત છો, સાધુ છો. તમે મારા જેવા અધમને શું કામ પ્રણામ કરો છો? આમ કરો તો મને પાપ લાગશે.’’ સંત સીતાશરણજી બોલ્યા, ‘‘ભાઈ અધમ કોઈ જાતિથી નહીં પણ પોતાનાં દુષ્કર્મોથી બને છે. તું રામ સીતાનો પરમ ભક્ત છે, ભગવાન રામ અને સીતા માતાના ભક્તોની પણ તું સેવા કરે છે. તારું મન નિશ્ચલ અને પવિત્ર છે. તું ક્યારેય તારી જાતને અધમ માનતો નહીં. જે બીજાને અધમ સમજે છે તે ખરા અર્થમાં અધમ હોય છે તું નહીં... તને, તારી સેવા અને ભક્તિને મારા શત શત નમન છે.’’

# અછત, મોંઘવારી, ગરમી અને અનિશ્ચિતતાના દિવસો માટે તૈયાર છો?

**રાજ કાજ ગુજરાત**

**કાર્તિકેય ભટ્ટ**

**પેટ્રોલ તો સિત્તેર રૂપિયે હતું ત્યારે મોંઘું હતું. છેલ્લાં ઘણાં વર્ષોથી છન્નુ રૂપિયે સસ્તું મળી રહ્યું હતું તે હવે સોનો આંક વટાવશે ત્યારે મોંઘવારી ગણાશે કે નહિ તે તજજ્ઞો વિચારી રહ્યા છે**

ઘણા સમય પછી ઉચ્ચ મધ્યમ વર્ગના પગમાં રેલો આવવાનાં એંધાણ છે. દેશની તમામ સમસ્યાઓમાં વિપક્ષને ગાળો દઈ અને સત્તા પક્ષની વિના કારણે તરફદારી કરી ઓટલા પરિષદમાં વડા થતાં લોકો હવે મુંઝાયાં છે. કારણ કે ગેસના બાટલા અને પાઈપ ગેસ બન્નેમાં તકલીફ પડવાનાં એંધાણ છે. પેટ્રોલ તો સિત્તેર રૂપિયે હતું ત્યારે મોંઘું હતું. છેલ્લાં ઘણાં વર્ષોથી છન્નુ રૂપિયે સસ્તું મળી રહ્યું હતું તે હવે સોનો આંક વટાવશે ત્યારે મોંઘવારી ગણાશે કે નહિ તે તજજ્ઞો વિચારી રહ્યા છે. અમેરિકાના હુમલાઓમાં માત્ર માનવહત્યા નથી થઈ રહી. કુદરતી સંપત્તિનો પણ નાશ થઈ રહ્યો છે. વળી આ હિંસાચારમાં શસ્ત્ર અને સત્તાના જોરે અમેરિકા જે દાદાગીરી કરી રહ્યું છે તે બદલાની ભાવનાના લાંબાગાળાના હુમલા અને અસંતોષ જન્માવશે તે નક્કી છે.

ભારતમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ દ્વારા કાશ્મીર પહેલગામના ટુરિસ્ટ પર હુમલો થયો, નિર્દોષ લોકો માર્યા ગયાં અને ભારતે બદલામાં જ્યાં આતંકી કેમ્પ છે ત્યાં હુમલા કર્યા. માત્ર આતંકીઓને સજા આપવાનું શરૂ કર્યું તો પણ છેક અમેરિકાથી ટ્રમ્પ બોલ્યા કે યુદ્ધ રોકો. તેમણે જાહેરાત કરી કે ભારત પાક હવે યુદ્ધ નહીં કરે અને શાંતિ થઈ ગઈ! ભારતે જે પાકિસ્તાને પચાવી પાડ્યો છે તે ભારતના જમીન વિસ્તારમાં ચાલતા આતંકી અડ્ડાઓ પરના હુમલા પણ ટ્રમ્પના કહેવાથી બંધ કર્યા. શું આપણા વડાપ્રધાનના કહેવાથી ટ્રમ્પ અને ઈઝરાઈલના નેતાન્યાહુ ઈરાન પર હુમલા બંધ કરી દેશે? ના. આ ફેર છે. જે આપણે સમજવો પડશે.

ભારતમાં ઉનાળામાં મધ્યમ અને ઉચ્ચ વર્ગ યુરોપ કે કેનેડા અમેરિકા ફરવા જાય છે. આ વિદેશ પ્રવાસનો મુખ્ય માર્ગ મધ્ય એશિયા અને એમાં પણ દુબઈ, અબુધાબી, દોહા એ મુખ્ય એરપોર્ટ છે અને માર્ગ પણ ઈરાનવાળો જ છે. હવે જો આ યુદ્ધના ઓછાયા લંબાય તો પહેલી વાત તો બિચારાં ધનિકો યુરોપના ઠંડા પ્રદેશમાં જઈ ના શકે. વળી અહીં ઘરે પણ ગેસ અને પેટ્રોલની તંગી ઉદ્ભવે તો ઉનાળો કાઢવો અઘરો પડે અને આ વિદેશનીતિની ચર્ચામાં ગુજરાતમાં પાણીની તંગી થશે તેના આયોજનનું શું? નેતાઓ તો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પડ્યા છે. સત્તા જોઈએ છે પણ શાસનનું શું? એ તો અધિકારીઓ ચડી બેઠા છે. ટૂંકમાં હજુ તો માર્ચ છે અને કુદરત માર્ચ અંતમાં હિસાબો પતાવવાના મુડમાં હોય તેવું લાગે છે. આપણે હિંદુ મુસ્લિમ અને લવ જેહાદ કે અશાંત ધારાની ચર્ચામાંથી બહાર આવી આખી દુનિયામાં ચાલતી શસ્ત્ર જેહાદ અને સત્તાની સાઠમારીને કારણે ઉદ્ભવેલા અશાંત વિશ્વની ચિંતા કરવાની જરૂર છે. ભારત આવેલા ઈરાનના જહાજને અમેરિકાએ ઉડાવી દીધું. આપણે કાંઈ બોલ્યા નહીં. અમેરિકાના વડાને મારી નાખ્યો તો સચિવ કક્ષાએથી શોક સંદેશ પણ ઘણો મોડો થયો. આપણી રાજનીતિ અને વિદેશનીતિ સામે હવે પ્રશ્નો ઊભા થવા લાગ્યા છે. આપણે રાજનીતિથી બહાર આવીને આવનારા સમયમાં સામાન્ય માણસનું જીવવું કેવું દુષ્કર બનવાનું છે તેની ચિંતા કરવા જેવી છે. જો મિડલ ઈસ્ટમાંથી ભારતીઓ પાછા આવે. પેટ્રોલની અછત અને ભાવવધારો સર્જાય, યુદ્ધને કારણે સુરક્ષાની અનિશ્ચિતતા વર્તાય અને અત્યારે બલોચ કે તાલીબાનો પાકિસ્તાનને હેરાન કરે છે, પણ આ લોકો કાલે પાકિસ્તાનમાં સત્તા સુધી પહોંચે તો આ તમામ ભારતના કાશ્મીરની સરહદે ઊભેલા છે એ સમજવું અને તે સ્થિતિ વિકટ બનશે. આપણે સામાન્ય પ્રજા તરીકે સામ્પ્રત સમયનું મૂલ્યાંકન કરવાની જરૂર છે અને સરકારને વેળાસર પ્રશ્નો પૂછવાની જરૂર છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ભારતમાં મહિલાઓની આત્મહત્યા - એક સામાજિક સંકટ

**કહેવાની વાત**

**નેહા શાહ**

**જરા વિચાર કરો, શિક્ષણથી બંધાયેલો આત્મવિશ્વાસ, આ પરિસ્થિતિમાં કેવો ભાંગીને ચૂર થતો હશે. સતત આર્થિક અસુરક્ષા, સામાજિક દબાણમાંથી ઊભી થતી નિ:સહાયતા, માનસિક તણાવ અને ડિપ્રેશનના વધારે તો બીજું શું થાય?**

1942માં તત્ત્વચિંતક આલ્બર્ટ કામુએ લખ્યું હતું કે જીવનનો સૌથી મૂળભૂત પ્રશ્ન એ છે કે શું જીવન જીવવાયોગ્ય છે કે નહીં. આજે જ્યારે આપણે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના થોડા સમય પહેલાં પ્રકાશિત થયેલા આત્મહત્યાના આંકડા પર નજર કરીએ ત્યારે આ પ્રશ્ન ખૂબ જ વાસ્તવિક લાગે છે. બીજા બધા પ્રશ્નો તમે જીવવાનું નક્કી કરો એ પછી આવે છે. સમગ્ર વિશ્વમાં આત્મહત્યાની સંખ્યા વધી છે. ભારતમાં એનું પ્રમાણ ઘણું વધારે છે. એક અંદાજ મુજબ 2016માં વિશ્વમાં લગભગ 8,17,000 લોકોએ આત્મહત્યા કરી હતી, જેમાંથી 2,30,000થી વધુ મૃત્યુ ભારતમાં થયાં હતાં,–જે વિશ્વના કુલ આત્મહત્યાઓના લગભગ 28 ટકા થયા! પુરુષો અને મહિલાની તુલના કરીએ તો વિશ્વના મોટા ભાગના દેશોમાં પુરુષોમાં આત્મહત્યાનો દર મહિલાઓ કરતાં ઘણો વધારે હોય છે પરંતુ ભારતમાં આ તફાવત ઘણો ઓછો છે. ભારતીય મહિલાઓમાં આત્મહત્યાનો દર વિશ્વના સરેરાશ મહિલાઓના દર કરતાં બમણો છે. ૨૦૧૬માં એક વૈશ્વિક અભ્યાસના તારણ મુજબ આત્મહત્યા કરનાર મહિલાઓમાં ૩૬ ટકા ભારતીય હતી! યુવતીઓની સ્થિતિ ખાસ કરીને ખૂબ ચિંતાજનક છે. 15 થી 39 વર્ષની વય જૂથની મહિલાઓ દેશમાં થતી કુલ મહિલાઓની આત્મહત્યાઓમાં લગભગ બે તૃતીયાંશ હિસ્સો ધરાવે છે. જો મોટા પ્રમાણમાં આપણી યુવાન સ્ત્રીઓને જીવન નિરર્થક લાગતું હોય અને જીવન ટુંકાવવા જેવાં આત્યંતિક પગલાં લેતી હોય તો દેશ અને સમાજ તરીકે આપણે ગંભીર વિચાર કરવો પડે. આ પ્રશ્નને માત્ર વ્યક્તિગત માનસિક આરોગ્યની સમસ્યામાં ખપાવી દેવાનું પૂરતું નથી. એનાં મૂળ સમજવા માટે મહિલાઓને રોજિંદા જીવનમાં ભોગવવા પડતાં સામાજિક અને આર્થિક દબાણોના ઊંડાણમાં જવું પડે.

સત્તાવાર આંકડાઓ આ બાબતમાં કેટલાક સંકેતો આપે છે. જે આપણા સમાજના આર્થિક-સામાજિક માળખામાં મહિલાઓના દરજ્જા તરફ આંગળી ચીંધે છે. ક્રાઈમ બ્યુરોના આંકડા પ્રમાણે કુલ આત્મહત્યાઓમાં લગભગ 14 ટકા કેસ ગૃહિણીઓના છે, જે મહિલાઓમાં થતી આત્મહત્યાઓનો અડધાથી પણ વધુ હિસ્સો છે, તો એનો અર્થ એ થયો કે ઘર અને કુટુંબ સ્ત્રીઓને હજુ પણ જરૂરી સલામતી પૂરી નથી પાડતાં. આ સમસ્યા નવી નથી. મહિલાઓમાં આત્મહત્યાનો ઈતિહાસ જોઈએ તો ભારતમાં ગૃહિણીઓનું પ્રમાણ હંમેશા ઊંચું જ રહ્યું છે. નોંધાયેલાં મુખ્ય કારણોમાં કૌટુંબિક તણાવ મુખ્ય છે, જેમાં ઘરેલું હિંસા, દહેજને લઈને થતા કકળાટ, બાળક ન થવાને લીધે થતા તણાવ, લગ્નેતર સંબંધો, ઘરના કામને લઈને થતા વિખવાદ એવું ઘણું બધું આવી જાય. આ બધી પરિસ્થિતિમાં મોટા ભાગે મહિલાની હાલત નાજુક જ રહેતી હોય છે.

આ સાથે એ સમજવું પણ જરૂરી છે કે “ગૃહિણી” શબ્દ સામાન્ય લાગે છે, પરંતુ તેની પાછળની હકીકત ઘણી જ જટિલ છે. આ શ્રેણીમાં આવતી ઘણી મહિલાઓ દિવસના ઘણા કલાકો ઘરકામમાં ખર્ચે છે–રસોઈ, સફાઈ, બાળકોની સંભાળ અને વૃદ્ધોની સેવા જેવી જવાબદારીઓમાં. છતાં આ કામને આર્થિક પ્રવૃત્તિ તરીકે માન્યતા મળતી નથી. તે ન તો રોજગારના આંકડાઓમાં ગણાય છે, ન તો દેશના કુલ આર્થિક ઉત્પાદન (GDP)માં. પરિણામે મહિલાઓને આ કામ માટે કોઈ સ્વતંત્ર આવક કે આર્થિક સુરક્ષા મળતી નથી. નોકરી કરતી સ્ત્રીઓ માટે તો આ જવાબદારી કામનું ભારણ બેવડું કરે છે. ભારતમાં થયેલા સમય-ઉપયોગ સર્વેક્ષણો બતાવે છે કે આ કામનો ભાર કેટલો અસમાન છે. સરેરાશ રીતે મહિલાઓ રોજના લગભગ પાંચ કલાક ઘરકામમાં વિતાવે છે, જ્યારે પુરુષો એક કલાકથી પણ ઓછો સમય આપે છે.

સ્ત્રીઓમાં વધી રહેલા શિક્ષણે મહિલાઓની પરાધીનતાના પ્રશ્નનો જરૂરી ઉપાય નથી આપ્યો, માત્ર એનો પ્રકાર બદલ્યો છે. પ્રાથમિક કક્ષાથી લઈને કોલેજ સુધી છોકરીઓની પ્રવેશ સંખ્યા વધી છે. શિક્ષણની સાથે વિચારવાની સ્વતંત્રતા આવે અને એ સાથે આકાંક્ષા પણ વધે. શિક્ષણના પ્રમાણમાં શ્રમબજારમાં મહિલાઓની ભાગીદારી ખૂબ જ ઓછી છે, પરિણામે આર્થિક સ્વતંત્રતા પણ નથી. પતિની આવક પરની નિર્ભરતા મહિલાઓને નાજુક સ્થિતિમાં મૂકી શકે છે. પારિવારિક નિર્ણયોમાં એમની ભૂમિકા તો મર્યાદિત કરે જ છે પણ એ ઉપરાંત જો ઘરેલુ વિવાદ, માનસિક તણાવ, દહેજ સંબંધિત દબાણ કે ઘરેલું હિંસા જેવી પરિસ્થિતિ ઊભી થાય, તો ઘર છોડવું તેમના માટે શક્ય રહેતું નથી કારણ કે, આર્થિક રીતે સહારો લઈ શકે એવા વિકલ્પો એની પાસે હોતા નથી. જરા વિચાર કરો, શિક્ષણથી બંધાયેલો આત્મવિશ્વાસ, આ પરિસ્થિતિમાં કેવો ભાંગીને ચૂર થતો હશે. સતત આર્થિક અસુરક્ષા, સામાજિક દબાણમાંથી ઊભી થતી નિ:સહાયતા, માનસિક તણાવ અને ડિપ્રેશનના વધારે તો બીજું શું થાય?

જો આ મૃત્યુને રોકવાં હોય તો ચર્ચા માત્ર વ્યક્તિગત સ્તરે નહીં પરંતુ સામાજિક સ્તરે પણ થવી જોઈએ. ઘરકામ અને સંભાળના કામને માન્યતા આપવી, મહિલાઓને રોજગાર અને આર્થિક સ્વતંત્રતા આપવી, ઘરેલુ હિંસા સામે મજબૂત સુરક્ષા વ્યવસ્થાઓ ઊભી કરવી અને માનસિક આરોગ્ય સેવાઓનો વિસ્તાર કરવો–આ બધું અત્યંત જરૂરી છે. આંકડા પાછળ એક જીવતી વાતો સત્તાવાર અહેવાલોમાં દેખાતી નથી, જે મહિલાઓ માટે જીવનને અસહ્ય બનાવી દઈ રહી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### સમાન નાગરિક સંહિતાવિજ્ઞાન આપણે માટે દેવ સમાન છે

ગુજરાત સરકારે સમાન નાગરિક સંહિતા ઘડવા માટે સુપ્રિમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશના અધ્યક્ષપદે છ માસ અગાઉ એક સમિતિની નિમણૂક કરી હતી. સમિતિએ રાજ્યનાં જિલ્લા મથકોએ જઈ અસરકર્તા વર્ગો સાથે સંવાદ પણ કર્યો હતો. સદર સમિતિએ સરકારને પોતાનો અહેવાલ સોંપ્યાને બે માસ જેટલો સમય વીતી ગયો છે પરંતુ સરકારે સદર અહેવાલ જાહેર કર્યો હોવાનું જાણમાં નથી. લોકોને અહેવાલની વિગતો અને ભલામણો જાણવાની ઈંતેજારી છે. સમય પાકી ગયો તેની વિગતો અને ભલામણો રાજ્યનાં નાગરિકો સમક્ષ મૂકવાની રાજ્યની ફરજ છે. ગુજરાત સરકાર શા માટે વિલંબ કરી રહી છે તે સમજાતું નથી. અહેવાલ પર પણ સરકારી સૂચનો મંગાવવાં જોઈએ.

**પાલનપુર- અશ્વિનકુમાર ન. કારીઆ**

### ટાટની પ્રિલિમ પરીક્ષાના ગુણ મુખ્ય પરીક્ષામાં પણ ગણવામાં આવે

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષક બનવા માટે આગામી સમયમાં લેવાનારી ટાટ-માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની પરીક્ષાનું માળખું જોવામાં આવે તો તેમાં પહેલાં પ્રિલિમ પરીક્ષા તેમજ મુખ્ય પરીક્ષા એમ બે ભાગમાં લેવાશે. જે ઉમેદવારો પ્રિલિમ પરીક્ષા પાસ કરશે તે જ ઉમેદવારો મુખ્ય પરીક્ષામાં બેસી શકશે. પહેલાં આ પરીક્ષામાં એક જ પેપર લેવાતું હતું,ત્યાર બાદ શિક્ષક ભરતીની જાહેરાતમાં મેરીટના આધારે પોસ્ટિંગ મળતું હતું. હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે.મૂળ તો જે મુખ્ય પરીક્ષા છે તે માત્ર ક્વોલિફાઈ રાઉન્ડ છે. તેમાં જો ઉમેદવાર 200માંથી 195 લાવે તો પણ કોઈ કામના નથી. ખરાખરીનો જંગ તો મુખ્ય પરીક્ષાનો છે. આમાં જોવા જઈએ તો પરીક્ષા પધ્ધતિ ખોટી નથી પણ મહેનતનું ફળ ના મળે તો પરીક્ષાનો કોઈ અર્થ રહેતો નથી.પ્રિલીમ પરીક્ષામાં કરેલી મહેનતનું ફળ તો મળવું જોઈએ, તેના માર્કસ મુખ્ય પરીક્ષામાં વધારે નહીં તો થોડાક અંશે ગણાવા જોઈએ.જેથી ભરતીના મેરીટમાં ઉમદવારોને ફાયદો થાય.આ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ વિભાગે વિચારવું રહ્યું અને પરીક્ષા પધ્ધતિમાં સુધારા કરવાની જરૂર લાગી રહી છે.

**પંચમહાલ - વિજયસિંહ સોલંકી**

### માતૃભાષાની જાળવણી

આપણી માતૃભાષાને ‘મા’ની માફક પ્રેમ કરો અને બીજી ભાષા સાથે માસી જેવી લાગણી રાખો. આપણને આપણી માતૃભાષાનું ગૌરવ હોવું જોઈએ. હાલમાં કેટલીય માતાઓના મોઢે એવું સાંભળવા મળે છે કે, કમ ઓન દીકરા એક બાઈટ ઈટ કરી લે, નથી પૂરું અંગ્રેજી કે નથી પૂરું ગુજરાતી. આપણે બાળકોનાં નામ પણ એટલાં અઘરાં રાખવા માંડયા છીએ કે એનો અર્થ ગુજરાતીમાં શું થાય એ કોઈ ગુજરાતી શબ્દકોશમાં મળતો નથી. આજનાં વાલીઓને ગુજરાતી નામો દેશી અને જૂની ફેશન લાગે ! બાળક તોફાન કરતું હોય તો માતા-પિતા એને અંગ્રેજીમાં રાઈમ્સ કે કાર્ટૂન બતાવી મોબાઈલ પકડાવી દે. બાળકને એવું અંગ્રેજી શીખવો કે એ પાછા ન પડે પણ સાથે માથે એને ગુજરાતીનું પણ શ્રેષ્ઠ જ્ઞાન આપી આજે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતાં બાળકોને ગુજરાતી લખતાં વાંચતાં સાચું આવડતું નથી. આપણે અંગ્રેજી ગ્રામરને જેટલું મહત્ત્વ આપીએ છીએ એટલું ગુજરાતી વ્યાકરણને મહત્ત્વ આપતાં નથી. જે હકીકત આપણે બધા સોશ્યલ મીડિયા પર જોઈ રહ્યાં છીએ. આજનાં બાળકોને કહેવતો રુઢિપ્રયોગો કે ગુજરાતી આંકડાઓને શબ્દોમાં સમજાતા નથી. એટલું સમજો કે ભાષાનું મૃત્યુ એટલે સંસ્કૃતિનું મૃત્યુ. આપણી જવાબદારી સંસ્કૃતિને બચાવવાની છે. બાળકોના અભ્યાસના માધ્યમ સાથે સમાધાન શક્ય છે. મારાં બંને બાળકોને ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરાવી ડોક્ટર્સ બનાવ્યાં છે. આજે તેઓ અંગ્રેજીમાં સડસડાટ પ્રત્યાયન કરી શકે છે. ઝોબલ થવાની દોડમાં આપણા કેટલાક શબ્દો દિનપ્રતિદિન ખોવાઈ રહ્યા છે તો શ્રી ગુજરાતીને મારો અનુરોધ છે કે, આપણે ગુજરાતી સાહિત્ય વાંચીએ. બાળકોને વંચાવીએ અને ઘરમાં બધા શુદ્ધ ગુજરાતીમાં જ વાત કરીએ અને માતૃભાષાને આદર આપીએ. એ જ આજના માતૃભાષા દિવસ નિમિત્તે શ્રી ગુજરાતીને મારી અપીલ છે.

**નવસારી - અશોકભાઈ રાઠોડ**

### વિસરાયેલાં ગાયકો

વાત ફિલ્મી ગાયકોની છે. એક જમાનામાં જે બે ગાયકોનો ફિલ્મ જગતમાં ડંકો વાગતો હતો, તે ગાયકો સમયના વહેણમાં વહી ગયાં. મોહમ્મદ રફી જયારે જામી રહ્યા હતા ત્યારે પણ એ ગાયકો ટકી રહ્યા હતા. એક ખાન મસ્તાન અને બીજા જી. એમ. દુરાની ઝાંખા પડતા ગયા અને દુર્દશાગ્રસ્ત થઈ ગયા. એમાંયે દુરાની તો એવી દશાની દિશામાં ધકેલાઈ ગયા કે જીવનનિર્વાહ પણ મુશ્કેલ થઈ ગયો. નછૂટકે ફિલ્મોમાં એક્સ્ટ્રા આર્ટિસ્ટ તરીકે કામ કરવા પણ તૈયાર થઈ ગયા. રાજકપુરની ફિલ્મ શ્રી ચારસો વીસમાં નાદીરા સાથેના એક ગીતમાં સમૂહ નૃત્યમાં ભાગ લેવા સજ્જ હતા ત્યારે તેમની પર રાજકપુરજીની નજર પડી ગઈ એટલે તેમને ત્યાંથી ખસેડી લીધા. ત્યાર બાદ તેમની ફિલ્મ ‘બુટપોલિસ’માં દુરાની માટે અનાથાલયના ધનયાચક સરઘસમાં ગીત ગાતા સંચાલકના પાત્રમાં ગોઠવી દીધા. એક ખાસ ગીત મોહમ્મદ રફીના સ્વરમાં ગોઠવી દીધું અને તે દુરાનીજીએ લલકારતા દર્શાવ્યા, જે માત્ર અભિનય સાથે અન્ય સ્વરમાં દુરાનીજીએ પ્રસ્તુત કર્યું. તે પછી ઘણાં વર્ષે બીજા એક ચલચિત્ર ‘લાલ પત્થર’માં પણ નવાબી બેઠક પરથી રફી કંઠે રજૂ કર્યું. સમય સમયની વાત છે અને કપરા કાળમાં એવી પરિસ્થિતિ પણ ભોગવવી પડી. વિસરાયેલાં એવાં ગાયકો સ્વાર્થી ફિલ્મજગતમાં અનેક છે, જેમણે પોતાના ભાવિ માટે આયોજન કર્યું. તેઓ દુર્દશાથી બચી ગયા. એક ગાયકે તો ગીત ગાયનમાં તકો નહીં મળતાં નછૂટકે ખલનાયકની ભૂમિકાઓ ભજવવાનો વારો આવ્યો, કયારેક શ્યામનામે તે સ્વર સાંભળી શકાય.

**સુરત - યુસુફ ગુજરાતી**

### ગીતાજી અને ઉનાળો

શ્રીમદ્ ભગવદ્ ગીતા મેનેજમેન્ટનાં વિવિધ ભાષણોમાં સારા સારા વક્તાઓ દ્વારા આવરી લેવામાં આવે છે. વક્તવ્યની જેમ સારા સારા લેખોમાં પણ ગીતાજીના શ્લોકોનો ઉલ્લેખ કરાય છે. એકાદ વર્ષ અગાઉ સરકારી / ખાનગી સંસ્થા દ્વારા લાખો વિદ્યાર્થીઓને આ ગ્રંથ પુસ્તક સ્વરૂપે આપવામાં આવ્યો. આ જાણીને વિચાર આવ્યો કે આ કેટલું સાર્થક થશે. તો એના માટે એક સરસ અને પ્રેક્ટીકલ વાત. ગીતાજીના અગિયારમા અધ્યાયના તેંત્રીસમા શ્લોકમાં આવતું અર્જુનનું એક નામ “સવ્યસાચી” એટલે કે બન્ને હાથે બાણ ચલાવનાર છે. જો વર્તમાન ક્રિકેટનું દૃષ્ટાંત આપી સમજાઉં તો જે ખેલાડી ડાબેરી અને જમણેરી રમી શકે (અંગ્રેજીમાં જેને ઓમનીડેક્ષ્ટર કહે છે) તેને આપણે “સવ્યસાચી” કહી શકીએ. આવું જ કંઈક ઉનાળાના વધતા જતા તાપમાન માટે પણ ગીતાજીમાં કહેવાયું છે. પ્રદૂષણ જેવાં કારણો આપણા હાથની વાત નથી. પરંતુ આશ્વાસન આપવા પૂરતી પેલી કહેવત છે ને “દુ:ખનું ઓસડ, દા’ડા”. આવું જ કંઈક શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયના ચૌદમા શ્લોકમાં કહેવાયુ છે કે સુખ-દુખ, ગરમી-ઠંડી વગેરે “અનિત્ય” છે. (આ દિવસ પણ નીકળી જશે.) વાચક મિત્રો, આગળ સ્વયં પોતેજ સમજવા પ્રયત્ન કરો એ અપેક્ષાસહ, અસ્તુ.

**સુરત - ચેતન સુશીલ જોષી**